# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે અમદાવાદમાં એક હજાર 500 કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.**
2. **ખાસ મતદાર સુધારણ અભિયાન અંતર્ગત રાજ્યભરમાં ગણતરીની 98.19 ટકા કામગીરી સંપન્ન.**
3. **ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક સંઘના શતાબ્દી વર્ષની ઉજવણી પ્રસંગે ઉત્તર પ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલે ગાંધી મૂલ્યોને અનુસરવા વિદ્યાર્થીઓને અપીલ કરી.**
4. **મંત્રી અર્જૂન મોઢવાડિયાએ કહ્યું કે , લોકોની સમસ્યાના ઉકેલ માટે સરકાર કટિબદ્ધ**
5. **ભુજના કુકમા ગામે 150 ફૂટ ઊંડા બોરવેલમાં પડેલા યુવાનને બચાવવા માટે તંત્રના તનતોડ પ્રયાસ.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# AMC AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે અમદાવાદમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એક હજાર 500 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કરશે.

જેમાં આવાસ, માળખાગત સુવિધાઓ અને જાહેર સુવિધાઓનો સમાવેશ થાય છે. દિવસભર ચાલનારા કાર્યક્રમો દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ હાજર રહેશે.

પ્રસ્તુત છે, અમારા સંવાદદાતાનો અહેવાલ...

## વોઇસ કાસ્ટ – અપર્ણા ખૂંટ

*કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે અમદાવાદ મહાનગરપાલિકાના કુલ અઠ્ઠાવન વિકાસ કાર્યોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે। આ કાર્યોમાં આઠસો ઈક્યાસી ઈડબ્લ્યુએસ આવાસ, તેમજ તળાવો અને બગીચાઓ સહિતની મુખ્ય શહેરી માળખાગત યોજનાઓનું ઉદ્ઘાટન સામેલ છે। શ્રી ગોતા ખાતે મિની સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનો શિલાન્યાસ પણ કરશે। તેઓ એએમસીના લગભગ સો નવનિયુક્ત આસિસ્ટન્ટ ફાયરમેનને નિમણૂક પત્રો પણ એનાયત કરશે। આ ઉપરાંત, તેઓ ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલના જીવન પર આધારિત પુસ્તક 'ચુનૌતિયાં મુઝે પસંદ હૈ'ની ગુજરાતી આવૃત્તિના વિમોચન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે.*

*અપર્ણા ખૂંટ આકાશવાણી સમાચાર અમદાવાદ*

---

# SIR

રાજ્યભરની 182 વિધાનસભા બેઠકોમાંથી 47 વિધાનસભા બેઠકો પર મતદાર યાદીની ખાસ સઘન સુધારા –**SIR** ગણતરીની 100 ટકા કામગીરી સંપન્ન થઈ છે.આ

સાથે રાજ્યભરમાં ગણતરીની 98.19 ટકા કામગીરી સંપન્ન થઈ ચૂકી છે. જ્યારે 80 બેઠકો પર 99 ટકાથી વધુ કામગીરી થઈ ચૂકી છે.

સાબરકાંઠાના ખેડબ્રહ્મા, વિજયનગર પોશિના અને હિંમતનગર તાલુકામાં 99.80 ટકા કામગીરી પૂર્ણ થઈ હોવાનું નાયબ ચૂંટણી અધિકારી રાજેશ કુમાર ચૌહાણે જણાવ્યુ હતું.

## બાઇટ - રાજેશ કુમાર ચૌહાણ

દરમ્યાન પાટણ જિલ્લામાં SIRની કામગીરી 100 ટકા પૂર્ણ થઈ છે. આ સાથે ડાંગ બાદ પાટણ જિલ્લો SIRની કામગીરીમાં બીજા નંબરે રહ્યો છે. જિલ્લાના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું કે કુલ 12 લાખ 19 હજાર 104 મતદારોને 100 ટકા ફોર્મ વિતરણ કર્યા બાદ ડિઝીટાઈઝેશનની કામગીરી પણ પુર્ણ થઈ છે.

છોટાઉદેપુરના બોડેલી ખાતે જિલ્લા કલેકટર ગાર્ગી જૈન દ્વારા સંખેડા વિધાનસભા મતદાર વિભાગમાં 100 ટકા કામગીરી પૂર્ણ કરનાર બી.એલ.ઓ. ને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

---

## GUJARAT VIDHYAPITH SNATAK SHATABDI

ગૂજરાત વિદ્યાપીઠ ખાતે યોજાઈ રહેલા બે દિવસીય સ્નાતક સંઘ શતાબ્દી મહોત્સવના આજે બીજા દિવસે સમાપન સમારંભ યોજાશે. ગઇકાલના પ્રથમ દિવસે ગુજરાત અને મહારાષ્ટ્રના રાજ્યપાલ તથા ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ આચાર્ય દેવવ્રત ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવીયા પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પણ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે ગાંધી મૂલ્યોને અનુસરવા માટે વિદ્યાર્થીઓને અપીલ કરી હતી.

આ પ્રસંગે ગૂજરાત વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓ દ્વારા આસામી નૃત્ય, શાસ્ત્રીય નૃત્ય, મૂક અભિનય, દેશભક્તિ ગીત, આદિજાતિ નૃત્ય, રાસ ગરબા સહિતની સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી.

વર્ષ 1925માં સ્થપાયેલ સ્નાતક સંઘને 6 ડિસેમ્બરે 100 વર્ષ પૂર્ણ થયા ના ઉપલક્ષ્યમાં આ ઉજવણી થઇ રહી છે.

---

## ARJUN MODHVADIA LOKDARBAR

વન અને પર્યાવરણ મંત્રી અને પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં પોરબંદર ખાતે લોક દરબાર યોજ્યો હતો..

તેમણે કહ્યું કે, સરકાર લોકોના પ્રશ્નોના ઉકેલ માટે કટિબદ્ધ છે.

### બાઈટ- અર્જુનભાઈ મોઢવાડીયા (કેબિનેટ મંત્રી)

---

## BHUJ RESCUE

કચ્છમાં ભુજના કુકમા ગામે ગઇકાલે રાતે ઝારખંડનો એક યુવાન ખેતરમાં 150 ફૂટ ઊંડા બોરવેલમાં પડી જતાં તંત્રએ બચાવ કામગીરી હાથ ધરી છે. જો કે યુવક ને બહાર કાઢવામાં હજુ સફળતા મળી નથી.

ભુજ પ્રાંત અધિકારી અનિલ યાદવે જણાવ્યુ કે , ફાયર અને મેડિકલ ટીમે ઘટના સ્થળે પહોંચી યુવકને ઑક્સિજન આપવાની કામગીરી કરી હતી. આર્મીની ટીમની પણ બચાવ કામગીરી માટે મદદ લેવાઇ રહી છે.

પોલીસ, પ્રાંત અધિકારી, ફાયર વિભાગ અને 108ની ટીમ ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી.

---

## AMRELI- LOKARPAN

અમરેલી શહેરમાં રાજ્ય સરકારના 904 લાખથી વધુના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. ઉર્જા, કાયદો અને ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે આ કાર્યોનો પ્રારંભ થયો હતો.આ ખાતમુહૂર્ત સમારોહ અમરેલી શહેરના જેસીંગપરા અને લાઠી રોડ વિસ્તારમાં યોજાયો હતો.

જ્યારે ડાંગ જિલ્લાના ગીરીમથક સાપુતારા ખાતે કેબિનેટ મંત્રી નરેશ પટેલના અધ્યક્ષ સ્થાને કન્યા સાક્ષરતા નિવાસી શાળા સાપુતારા, નવનિર્મિત શાળા સંકુલ બે હજાર 20 લાખ તથા એકલવ્ય મૉડેલ રેસિડેન્સિયલ સ્કુલ, ગારખડીના છાત્રાલય અને સ્ટાફ કવાર્ટસ મકાન એર બદાપ 497 લાખના ખર્ચે મળી આશરે રૂપિયા 35 કરોડના ખર્ચે નવ નિર્મિત મકાનોનું લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.

---

# DAMAN PRAFUL PATEL

કેન્દ્રશાસિત પ્રદેશો દાદરા અને નગર હવેલી, દમણ-દીવ અને લક્ષદ્વીપના પ્રશાસક પ્રફુલ પટેલ દમણની ત્રણ દિવસની મુલાકાતે છે.

તેમણે મોટી દમણ કિલ્લા વિસ્તારમાં નિર્માણાધીન રમતગમત સંકુલ, સરકારી મકાન, સચિવાલય ભવન, જૂના બંદર કાર્યાલય પાસે ચાલી રહેલા દરિયાકાંઠાના સંરક્ષણ કાર્ય અને જામપોર ઘાટ વિસ્તરણનું નિરીક્ષણ કર્યું.

તેમણે અન્ય ચાલી રહેલા વિકાસ કાર્યોની સમીક્ષા કરીન તેને સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે તંત્રને તાકિદ કરી હતી.

---

# WEATHER

રાજ્યમાં ઠંડીનો ચમકારો વધી રહ્યો છે. ગઇકાલે 11.9 ડિગ્રી સાથે દાહોદ રાજ્યનું સૌથી ઠંડુ શહેર રહ્યુ હતું. જ્યારે ડીસામાં 13.8 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આજે રાજ્યમાં હવામાન સૂકુ રહેવાની શક્યતા દર્શાવી છે.

---

# MAHAPARIVIRVAN AKASHWANI

ડૉ. બાબસાહેબ આંબેડકરની પુણ્યતિથિ- મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે ગઇકાલે આકાશવાણી અમદાવાદ ખાતે ડૉ.બાબાસાહેબને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી. આ પ્રસંગે આકાશવાણીના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

---

## BHARUCH- VAYUSENA

ભરૂચ જિલ્લામાં ભારતીય વાયુસેનાની સારંગ ટીમના ચાર હેલિકોપ્ટરોએ અંકલેશ્વર એરસ્ટ્રીપ પરથી તેમના અદભૂત હવાઈ કરતબોથી શાળાના બાળકોને મંત્રમુગ્ધ કરી દીધા.

આ અંગે વધુ માહિતી આપે છે અમારા ભરૂચ જિલ્લાના પ્રતિનિધિ વાહિદ મશહદી...

## વોઇસકાસ્ટ - વાહિત મશહદી

બીજી તરફ આજે સવારે રાજકોટના અટલ સરોવર ખાતે વાયુસેનાની સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા એરશો યોજાશે.

---

## ARAVLLI RUPEES SEIZED

અરવલ્લીની શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પર કારમાંથી બિનહિસાબી **1.05** કરોડ રૂપિયા રોકડા ઝડપી પાડ્યા છે. શામળાજી પોલીસની ટીમે સમગ્ર વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવૃતિઓ અટકાવવા સઘન પેટ્રોલિંગ હાથ ધર્યું હતું, એક શંકાસ્પદ કારની તપા સ કરતાં રોકડ મળી આવી હોવાનું અરવલ્લીના ડીવાયએસપી આર. ડી. ડાભીએ જણાવ્યુ હતું.

## બાઈટ : આર. ડી. ડાભી, Dy.SP અરવલ્લી

---

# GBU RESEARCH

રાજ્ય સરકાર સંચાલિત ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટી – GBUની ટિમ મહિલાઓને લગતા રોગો માટે સંશોધન કરશે.આ સંશોધન માટે ગેટ્સ ફાઉનડેશનને એક કરોડ રૂપિયાથી વધુની સહાય કરી છે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ

## V/C – AJAY INDREKAR

( આ સંશોધન અમદાવાદની ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રિસર્ચના ગાયનેકોલોજી વિભાગના ડિન ડૉ. રોહિના અગ્રવાલના સહયોગથી હાથ ધરવામાં આવશે.આ અભ્યાસથી ખાસ કરીને અંતરિયાળ વિસ્તારોમાં મહિલાઓ માટે વહેલા નિદાન , વ્યક્તિગત સારવાર અને માસિક ધર્મમાં વધુ પડતાં રક્તસ્ત્રાવમાં સુધારો લાવવાના ઉદ્દેશ સાથે આ પ્રોજેકટ ગેટ્સ ફાઉન્ડેશનની મદદથી શરૂ કરવામાં આવ્યો છે.

ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટીના ડિન પ્રોફેસર સુધીર પ્રતાપ સિંહે કહ્યું કે , GBU આ સિદ્ધિને વૈશ્વિક મહિલા આરોગ્ય સંશોધનમાં ભારતના યોગદાન તરીકે એક મહત્વપૂર્ણ સીમાચિન્હ માને છે પ્રભાવશાળી તથા વિજ્ઞાન આધારિત સંશોધનોને પ્રોત્સાહન આપવા માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે.

(અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર,અમદાવાદ )

---